| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ. | ૧૨/૦૨/૨૦૨૫ | | |
| રજીસ્ટરે નોંધ્યા તા. | ૧૨/૦૨/૨૦૨૫ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | **૦૧** | **૦૩** | **૨૭** |

**<u>સુરેન્દ્રનગરનાં પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ.</u>**

**<u>ફો.કેસ નં. ૫૯૫/૨૦૨૫</u>**
**આંકઃ–**

ફરીયાદી:– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી :– વિશાલભાઈ રાજુભાઈ ચોવાસીયા,
ઉ.વ.૩૩, ધંધો–શાકભાજીનો,
રહે.સુ.નગર સોનાપુર રોડ ગણેશ ફેકટરી
બરફના કારખાના સામે, તા. વઢવાણ,
જી. સુરેન્દ્રનગર.

**ગુન્હો ::** **<u>ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ.</u>**

––––––––––––––––––––––––––––––––––––
ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી.:: એ.બી.દેસાઈ
આરોપીપક્ષે વિ.વ.શ્રી. :: એફ.આઈ.કારીયાણી
––––––––––––––––––––––––––––––––––––

**<u>–// ચુકાદો //–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ : ૧૫/૧૧/૨૦૨૪ ના કલાક : ૨૧/૧૦ વાગ્યે સુ.નગર રીવરફ્રન્ટ સ્મશાનના ખુણા પાસે જાહેરમાં પોતાના પેન્ટના નેફામાં કોઇ

આધાર પુરાવ વગર એક છરી કી.રૂા.૦૦/–ની પોતાના કબજામાં રાખી મહે. જીલ્લા મેજી સાહેબ સુરેન્દ્રનગરની કચેરીના હથિયારબંધી જાહેરનામાં–ક્રમાંક મજસ–૩/હથીયારબંધી જા.નામુ/૨૦૨૩/વશી ૨૧૧૧૩ થી ૨૧૨૧૧ તા. ૨૮/૧૨/૨૦૨૩ વાળા જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોય તે મતલબની ફરીયાદ ફરીયાદીએ સુ.નગર સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપતા ગુ. ર. નંબર – ૧૫૯૯/૨૪ થી આરોપી વિરૂધ્ધ ગુનો નોંધાવેલ. ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીએ જરૂરી પંચનામાઓ કરી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તેમજ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં, **બી.એન.એસ.એસની કલમ–૨૧૦ (૧)** પ્રમાણે આરોપી સામેના ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ **બી.એન.એસ.એસ કલમ–૨૨૭** અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતાં અને આરોપી હાજર થતાં, તેઓને **બી.એન.એસ.એસની કલમ–૨૩૦** પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આંક–૫ થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક–૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરતાં, તેઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ હતો, જેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૩) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજુ કરેલ છે.

**<u>ફરીયાદ પક્ષે મૌખીક પુરાવોઃ–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મેહુલભાઈ બુધાભાઈ મકવાણાની જુબાની | ૦૭ |

| | | |
|---|---|---|
| ૨ | સાહેદ ઉપેન્દ્રભાઈ રમણીકભાઈ શંકરીયાની જુબાની | ૧૦ |
| ૩ | પંચસાહેદ રાજેશકુમાર બાબુલાલ શાહની જુબાની | ૧૩ |
| ૪ | સાહેદ કીશનભાઈ વેલાભાઈ મકવાણાની જુબાની | ૧૭ |
| ૫ | પંચ સાહેદ અલ્તાફભાઈ કાદરભાઈ માણેકની જુબાની | ૨૦ |
| ૬ | ત.ક.અ. ચેતનપરી કેશુપરી ગોસાઈની જુબાની | ૨૩ |

**<u>ફરીયાદ પક્ષે લેખિત પુરાવોઃ–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૦૮ |
| ૨ | જાહેરનામું | ૧૧ |
| ૩ | મુદામાલ કબજે કર્યાનું પંચનામું | ૧૪ |
| ૪ | ડેપ્યુટ હુકમ | ૨૪ |

(૪) આમ, આ કામે ફરીયાદપક્ષેથી પુરાવા રજુ થયા બાદ **બી.એન.એસ. એસ,૨૦૨૩ ની. ક.૩૫૧** અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ફરીયાદપક્ષેથી રેકર્ડ પર આવ તા આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપી નિર્દોષ હોવાનું અને ખોટુ ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે અને તેમની ઉપર ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ. વકીલ શ્રી એફ.આઈ.કારીચાણીની દલીલો સાંભળી.

(૫) સદર કામે બંને પક્ષની દલીલો તથા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્યાને લેતા મારા નિર્ણયો માટે નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તારીખ : ૧૫/૧૧/૨૦૨૪ ના કલાક : ૨૧/૧૦ વાગ્યે સુ.નગર રીવરફ્રન્ટ સ્મશાનના ખુણા પાસે જાહેરમાં

પોતાના પેન્ટના નેફામા કોઇ આધાર પુરાવ વગર એક છરી કી. રૂા.૦૦/–ની પોતાના કબજામાં રાખી મહે.જીલ્લા મેજી સાહેબ સુરેન્દ્રનગરની કચેરીના હથિયારબંધી જાહેરનામાં– ક્રમાંક મજસ–૩/હથીયારબંધી જા.નામુ/૨૦૨૩/વશી ૨૧૧ ૧૩ થી ૨૧૨૧૧ તા.૨૮/૧૨/૨૦૨૩ વાળા જાહેરનામા નો ભંગ કરી ગુનો કરી ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૬.૧) ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે અનુસારના છે.

**– : કારણો :–**

**મુદ્દા નં. ૧ અને ૨:–**

(૭) ફરીયાદ પક્ષ તરફે કેસ પુરવાર કરવા માટે આ કામે પંચસાહેદ નં. ૧ રાજેશકુમાર બાબુલાલ શાહ નાઓને આંક– ૧૩ થી તેમજ પંચસાહેદ નં. ૨ પંચ સાહેદ અલ્તાફભાઈ કાદરભાઈ માણેકનાઓને આંક–૨૦ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેઓને પોલીસ સ્ટેશને બોલાવીને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. જે પંચનામું આંક – ૧૪ થી રજૂ કરવામાં આવેલ છે.

જયારે આ કામે સરકારશ્રી તર્ફેથી વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા પંચ સાહેદ ફરી ગયા હોવાની મૌખીક વિનંતી કરતા પંચ સાહેદને ફરી

ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને એ.પી.પી.શ્રી દ્વારા ફરીયાદીની ધી ભારતીય સાક્ષ્ય અધિનીયમની ૨૦૨૩ કલમ–૧૫૭ અન્વયે ઉલટ તપાસ કરવાની પરવાનગી માંગતા પંચ સાહેદની ઉલટતપાસ કરવાની પરવાનગી એ.પી.પી.શ્રીને આપવામાં આવે છે અને તે ઉલટમાં પણ પંચસાહેદએ આરોપી વિરૂધ્ધ આપેલ ફરીયાદ તથા પંચનામામાં જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ પંચસાહેદની એ. પી. પી.શ્રી દ્વારા લેવામાં ઉલટમાં પણ પંચસાહેદ દ્વારા આરોપી વિરૂધ્ધ આપેલ ફરીયાદ હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું નથી. ત્યારબાદ પંચસાહેદની આરોપીના વિ.વ.શ્રી. દ્રારા ઉલટતપાસ કરવામાં આવતા પોલીસવાળાઓએ તૈયાર પંચનામામાં સહી કરાવેલા ની હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૮) ફરીયાદપક્ષ તરફે કેસ પુરવાર કરવા માટે આ કામે ફરીયાદી મેહુલભાઈ બુધાભાઈ મકવાણાનાઓને આંક – ૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હાલ અમો, એલ.સી.બી પો.સ્ટે, સુ.નગર ખાતે પો.કો. તરીકે ફરજ બજાવીએ છીએ. ગઇ તારીખ ૧૫/૧૧/૨૦૨૪ ના રોજ અમો તથા પો.કો. કીશનભાઈ વેલાભાઈ તથા પો.હેડ.કોન્સ. પી.એ.કોલા સાથે સીટી એ ડીવી. પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન કલાક ૨૧–૧૦ વાગ્યે સુ.નગર રીવરફ્રંટ રોડ સ્મશાન પાસે આવતા સામેથી એક ઇસમ શંકાસ્પદ હાલતમા ચાલીને આવતા જોતા ઉભો રાખી ચેક કરતા તેના પેન્ટના નેફામાથી એક છરી મળી આવતા સાથેના પો.હેડ.કો પીએ.કોલાનાઓએ નજીકમાંથી બે રાહદારી પંચો બોલાવી પંચો રુબરુ મજકુરનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ વીશાલભાઇ રાજુભાઇ, રહે. સુ.નગર સોનાપુર રોડ વાળા હોવાનુ જણાવેલ. મજકુર પાસે આ છરી રાખવા અંગે આધાર પુરાવા માંગતા નહી હોવાનુ જણાવેલ જેથી મજકુરે મહે.જીલ્લા મેજી.સાહેબ સુ.નગરના હથીયાર

બંધીના જાહેરનામા નો ભંગ કરેલ હોય તેથી આ છરી જે આશરે એક કુટની લંબાઈ હોય જેની કી.રૂા.૦૦/– ગણી પંચનામાની તપાસ અર્થે કબજે કરેલ.જે અંગેની વિગતવારનું પંચનામુ સાથે ના પો.હેડ.કો પી. એ.કોલાનાઅઓએ કલાક ૨૧:૧૦ થી ૨૧:૪૦ વાગ્યા સુધીનુ કરી લીધેલ. મજકુર ઇસમે મહે.જીલ્લા મેજી. સુ.નગરનાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય જેથી તેના વિરુધ્ધ અમોએ જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ ધોરણસર થવા ફરીયાદ આપેલી. જેને રજુ આંક–૮ આપવામા આવે છે. જે તેઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી. દ્રારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે હું બનાવ સમયે પેટ્રોલીંગમા હતો તેવો કોઈ આધાર પુરાવો આ કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળો વીસ્તારમાં માણસોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે મેં મારી ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી પંચોની હાજરીમાં કોઇ મુદામાલ છરી કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે સારી કામગીરી બતાવવા આરોપી સામે હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

(૯) ફરીયાદપક્ષ તરફે કેસ પુરવાર કરવા માટે આ કામે સાહેદ ઉપેન્દ્રભાઈ રમણીકભાઈ શંકરીયાનાઓને આંક – ૧૦ થી તપાસવામાં આવેલ છે.

તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું તા. ૧૧/૪/૨૫ થી મામલતદાર કચેરી સુ.નગર શહેર ખાતે મેજી. શાખામાં ફરજ બજાવું છું. મ્હે. જિલ્લા મેજી. કચેરી સુ.નગર ધ્વારા તા. ૨૮/૧૨/૨૩ થી ક્રમાંક. મજસ – ૩/હથિયારબંધી જાહેરનામુ/ ૨૦૨૩/વશી–૨૧૧૧૩ થી ૨૧૨૧૧ નુ જાહેરનામું બહાર પાડવામાં આવેલ જે તા. ૦૧/૦૧/૨૪ થી તા. ૩૧/૧૨/૨૪ સુધી બંને તારીખ સહિત અમલવારીમાં હતુ. જે આંક–૧૧ થી રજૂ કરેલ છે.

ત્યારબાદ ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી. દ્રારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે હુ જે જુબાની આપુ છુ તે રેકર્ડ આધારીત જુબાની આપુ છુ.

(૧૦) ફરીયાદપક્ષ તરફે કેસ પુરવાર કરવા માટે આ કામે સાહેદ કીશનભાઈ વેલાભાઈ મકવાણાનાઓને આંક – ૧૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હાલ અમો, લીંબડી પો.સ્ટે, સુ.નગર ખાતે પો.કો. તરીકે ફરજ બજાવીએ છીએ. ગઈ તારીખ ૧૫/૧૧/૨૦૨૪ ના રોજ અમો તથા ફરીયાદી તથા પો.હેડ.કોન્સ.પી.એ.કોલા સાથે સીટી એ ડીવી.પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન કલાક ૨૧–૧૦ વાગ્યે સુ.નગર રીવરફ્રંટ રોડ સ્મશાન પાસે આવતા સામેથી એક ઈસમ શંકા સ્પદ હાલતમા ચાલીને આવતા જોતા ઉભો રાખી ચેક કરતા તેના પેન્ટના નેફામાંથી એક છરી મળી આવતા સાથેના પો.હેડ.કો. પી.એ. કોલાનાઓએ નજીકમાંથી બે રાહદારી પંચો બોલાવી પંચો રુબરુ મજકુરનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ વીશાલભાઈ રાજુભાઈ, રહે. સુ.નગર સોનાપુર રોડવાળા હોવાનુ જણાવેલ. મજકુર પાસે આ છરી રાખવા અંગે આધાર પુરાવા માંગતા નહી હોવાનુ જણાવેલ જેથી મજકુરે મહે.જીલ્લા મેજી.સાહેબ સુ.નગરના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેથી આ છરી જે આશરે એક ફુટની લંબાઇ હોય જેની કી.રૂા.૦૦/– ગણી પંચનામાની તપાસ અર્થે કબજે કરેલ.જે અંગેની વિગતવારનું પંચનામુ સાથેના પો.હેડ.કો પી.એ.કોલાનાઓએ કલાક ૨૧:૧૦ થી ૨૧:૪૦ વાગ્યા સુધીનુ કરી લીધેલ. મજકુર ઈસમે મહે. જીલ્લા મેજી. સુ.નગરનાઓના હાથીયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય જેથી તેના વિરુધ્ધ અમોએ જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ ધોરણસર થવા પો.કો. મેહુલભાઈ બુધાભાઈએ ફરીયાદ આપેલી. આરોપીને જોયેથી ઓળખુ છું. ઓળખ અંગે તકરાર નથી.

ત્યારબાદ ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી. દ્રારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે હું બનાવ સમયે પેટ્રોલીંગમા હતો તેવો કોઈ આધાર પુરાવો આ કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળો વીસ્તારમાં માણસોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી પંચોની હાજરીમાં કોઈ મુદામાલ છરી કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા સ્ટાફના હોય તેમના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ

(૧૧) ફરીયાદપક્ષ તરફે કેસ પુરવાર કરવા માટે આ કામે ત.ક.અ. ચેતનપરી કેશુપરી ગોસાઇ નાઓને આંક– ૨૩ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હાલ અમો સુ.નગર સીટી એ ડીવી.પો.સ્ટે એ.એસ.આઈ તરીકે ફરજ બજાવીએ છીએ. અગાઉ ગઈ તા.૧૫/૧૧/૨૦૨૪ ના રોજ અમો ઈન્વે. ડયુટીમા હોય દરમ્યાન એલ.સી.બી શાખાના પો.હેડ કોન્સ.પી.એ.કોલાના રૂબરૂની લીધેલ ફરીયાદ તથા પંચનામા સાથે ગુના રજીસ્ટર નંબર ૧૫૯૯/ ૨૦૨૪ ના જી.પી.એકટ ૧૩૫નો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ અમોને ડેપ્યુટ હુકમને આધારે સોંપતા અમોએ આગળની તપાસ સંભાળેલી. ડે.હુકમ રજુ આંક–૨૪ ત્યારબાદ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના તેઓના લખાવ્યા મુજબ લીધેલ તેમજ આરોપી અટક પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ. ત્યારબાદ આરોપીની અટક કરી જામીન પર મુકત કરેલા. ત્યારબાદ આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલી. આરોપીને હું જોયે થી ઓળખુ છુ જે નામ.કોર્ટમા હાજર નથી. આરોપીનો મુકતી રીપોર્ટ રજુ છે. આરોપીની ઓળખ અંગે કોઈ તકરાર નથી.

ત્યારબાદ સાહેદની આરોપીના વિ.વ.શ્રી. દ્રારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે આ કામે મેં માત્ર પોલીસ સાહેદોના નીવેદનો લીધેલ કોઈ સ્વતંત્ર સાહેદના

નીવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે આ કામે મુદામાલ છરી બજારમાં સહેલાયથી મળી શકે. એ વાત ખરી નથી કે આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતા ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૧૨) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો આ કામે ફરીયાદપક્ષે આંક–૧૩ થી પંચ સાહેદ રાજેશકુમાર બાબુલાલ શાહ ને તપાસવામાં આવેલા છે અને તેઓના પુરાવામાં તેઓ સ્મશાન પાસે થી પસાર થતા હતા ત્યારે પોલીસે તેઓને ઉભા રાખેલા અને તેઓને એક તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી સહી કઈ બાબતે કરેલી તેની તેઓને ખબર નથી અને પોલીસે તેઓને સહી કરવાનું કીધેલ એટલે તેઓએ સહી કરી આપેલ અને તેઓના પુરાવામાં આંક–૧૪ થી પંચનામું રજુ કરવામાં આવેલ છે. આંક–૧૪ ના પંચનામાની વિગતોને સમર્થન કરેલ નથી અને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવા છતાં પંચનામાની વિગતોને સમર્થન કરતો કોઈ પુરાવો આપેલ નથી. આંક–૧૪ ના પંચનામાના પંચ સાહેદ અલ્તાફભાઈ કાદરભાઈ માણેકનાઓને આંક–૨૦ થી તપાસવામાં આવેલા છે અને તેઓના પુરાવામાં જણાવે છે કે, પોલીસે એક તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલાનું જણાવેલ છે. આંક–૧૪ થી મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદોને આંક–૧૩ તથા આંક–૨૦ ના પંચ સાહેદો પંચનામાની વિગતોને સમર્થન કરેલ નથી. તેથી પંચનામાની વિગતો પુરવાર થતી નથી. આંક–૧૩ થી ફરીયાદી મેહલભાઈ બુધાભાઈ મકવાણાનાઓને તપાસવામાં આવેલા છે અને તેઓના પુરાવામાં જણાવે છે કે, બનાવ સમયે પેટ્રોલીંગમાં હતો એવો કોઈ આધાર પુરાવો આ કામે સામેલ રાખેલ નથી, બનાવવાળો વીસ્તાર માણસોની અવરજવર રહે છે,

તેમને તેમની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. આંક–૧૦ થી  સાહેદ ઉપેન્દ્રભાઈ રમણીકભાઈ શંકરીયાનાઓને તપાસવામાં આવેલા છે અને તેઓના પુરાવામાં જણાવે છે કે, તેમને જે જુબાની આપેલ છે તે રેકર્ડ આધારીત આપેલ છે. આંક–૧૭ થી સાહેદ કીશનભાઈ વેલાભાઈ મકવાણાનાઓને તપાસવામાં આવેલા છે અને તેઓના પુરાવામાં જણાવે છે કે, તેઓ બનાવ સમયે પેટ્રોલીંગમાં હતા તેવો કોઈ આધાર પુરાવો આ કામે સામેલ રાખેલ નથી, બનાવવાળો વીસ્તારમાં માણસોની અવરજવર રહે છે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી. આંક–૨૩ થી તપાસ કરનાર અમલદાર ચેતનપરી કેશુપરી ગોસાઈનાઓને તપાસવામાં આવેલ છે અને તેઓના પુરાવામાં આ કામે માત્ર પોલીસ સાહેદોના નીવેદનો લીધેલ કોઈ સ્તંત્રવ સાહેદના નીવેદન લીધેલ નથી. આમ, ફરીયાદપક્ષે રજુ કરેલા સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન મળતુ નથી તેમજ પંચોએ પંચનામાની વિગતોને સમર્થન આપેલ નથી. બનાવ સ્થળ જાહેર વિસ્તાર હોવા છતાં ફરીયાદપક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી. આમ, ફરીયાદપક્ષે તપાસ કરવામાં આવેલ સાહેદોના પુરાવામાં મહત્વની ખામી અને વિસંગતતાઓનો વિરોધાભાષ જણાય આવે છે. જેથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

આમ, હાલના કામે આરોપીએ જિલ્લા મેજી. સાહેબશ્રીનું હથિયારબંધી અંગેનું જાહેરનામું અસ્તિત્વમાં હોવા છતાં તેમની સામેના આક્ષેપ મુજબના સમય અને સ્થળે મારક હથિયાર ધારણ કરી આવા જાહેરનામાનું ઉલ્લંઘન કરી જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો

શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે તેવાં સંજોગો માં તે તમામ આરોપો પુરતાં અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે હે છે. જયાં સુધી આરોપી સામેના આ આરોપો પુરવાર થાય છે કે કેમ ? તે બાબતનો પ્રશ્ન છે ત્યાં સુધી હાલના કામે ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ ઉપરોકત વિગતે ચર્ચા કર્યા મુજબના તમામ પુરાવાને સમગ્ર રીતે જોઈએ તો આવા પુરાવાથી કયાંય પણ હાલના આરોપીએ તેમની સામેના આક્ષેપ મુજબના કોઈ ગુન્હાહિત કૃત્ય કરેલ હોય કે બનાવ સમયે આરોપીએ કોઈ હથિયાર ધારણ કરી આવેલ હોય તેવી કોઈ હકીકત ઉપરોકત પુરાવાથી પુરવાર થતી ન હોય તથા ફરીયાદ પક્ષ તરફે આરોપી સામેનો આ આરોપ પુરવાર થઈ શકે તેવો અન્ય પણ કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડમાં રજૂ કરેલ ન હોય, તે તમામ સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપી સામેનો જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ નો ગુન્હો પણ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય ત્યારે મુદ્દા નંબર-૧ નો નિર્ણય નકારમાં આપીને મુદ્દા નંબર-૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબ છે.

## **-// આખરી હુકમ //-**

(૧) આ કામના આરોપી વિશાલભાઈ રાજુભાઈ ચોવાસીયા,ઉ.વ.૩૩, ધંધો-શાકભાજીનો,રહે.સુ.નગર સોનાપુર રોડ ગણેશ ફેકટરી બરફના કારખાના સામે, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગરનાઓને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ ની કલમ -૨૭૧(૧) અન્વયે ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબના ગુનામાં પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામે મુદામાલ પાવતી નં. ૯૫/૨૦૨૫ માં જણાવેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આરોપીએ ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો અપીલ સમય સુધીનો આપવો.

આજ રોજ તારીખ : ૦૮ મી માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો

સ્થળ : સુરેન્દ્રનગર.
તારીખ : ૦૮/૦૬/૨૦૨૬.

(જીજ્ઞેશકુમાર સુરેશભાઇ પંચાલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્દનગર(જજ કોડ નં. GJ-00989)